# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 09-05-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : ગુરૂવાર

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

************************************************

- ✓ **રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ થોડી જ ક્ષણોમાં નવી દિલ્હી ખાતે પદ્મ પુરસ્કારો એનાયત કરશે.**
- ✓ **લોકસભાની ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં – છઠ્ઠા તબક્કાના મતદાન માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો આજે અંતિમ દિવસ**
- ✓ **તમિલનાડુમાં ફટાકડા બનાવવાની ફેકટરીમાં વિસ્ફોટથી નવ શ્રમિકોના મૃત્યુ – 12ને ગંભીર ઇજા.**
- ✓ **આવતીકાલથી ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાનો શુભારંભ – 22 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ નોંધણી કરાવી.**
- ✓ **ધ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે આધુનિક ખાણીપીણીની આદતોને અનુરુપ આહાર માટેની સુધારેલી માર્ગદર્શિકા જારી કરી.**
- ✓ **અને આઇપીએલમાં આજે ધરમશાલા ખાતે રોયલ ચેલેન્જર્સ ઓફ બેંગલોર સામે ટોસ જીતીને કિંગ્સ ઇલેવન પંજાબે ફિલ્ડિંગ પસંદ કરી.**

************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PADM PURASKAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ થોડી જ ક્ષણોમાં નવી દિલ્હી ખાતે પદ્મ પુરસ્કારો એનાયત કરશે. રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજીત આ સમારોહમાં 65 જેટલી હસ્તીઓને પદ્મ પુરસ્કારો એનાયત કરવામાં આવશે. પદ્મ પુરસ્કાર વિતરણનો આ બીજો સમારોહ છે. પદ્મ પુરસ્કાર દેશનું સર્વોચ્ચ નાગરિક સમ્માન છે, જેને  પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી એમ ત્રણ શ્રેણીમાં આપવામાં આવે છે. આજના કાર્યક્રમમાં ગુજરાતના પ્રતિષ્ઠિત સાહિત્યકાર રઘુવીર ચૌધરીને પદ્મ શ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવશે. તેમને સાહિત્ય અને શિક્ષણ જગત ક્ષેત્રે પ્રદાન બદલ આ પુરસ્કાર જાહેર કરાયો હતો. પદ્મ પુરસ્કારો કળા, સામાજિક સેવા, જાહેર બાબતો, વિજ્ઞાન અને એન્જિનિયરીંગ, વેપાર-ઉદ્યોગ, મેડિકલ, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત અને નાગરિક સેવા ક્ષેત્રમાં યોગદાન બદલ આપવામાં આવે છે.

## ELECTION CAMPAIGNING

લોકસભાની ચૂંટણી માટેનો પ્રચાર પૂરજોશમાં ચાલુ છે. 13મેએ 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં 96 બેઠકો માટે મતદાન યોજાશે. પ્રચાર ઝૂંબેશ માટે માત્ર બે દિવસ બાકી છે ત્યારે પ્રચાર વેગ પકડી રહ્યો છે. ટોચનાં પક્ષોનાં વરિષ્ઠ નેતાઓ પોતાનાં ઉમેદવારો માટે સમર્થન મેળવવા રાજ્યમાં પ્રચાર સભાઓ અને રોડ શો કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહે તેલંગાણામાં ભોંગીર ખાતે જણાવ્યું હતું કે, "કોંગ્રેસ તેના વચનો પૂરા નથી કરતી, પરંતુ પીએમ મોદી પોતાના વચનો પુરા કરે છે. તો ભાજપના પ્રમુખ જે પી નડ્ડાએ ઉત્તરપ્રદેશનાં ચિત્રકુટ અને ફતેહપુરમાં જાહેર સભાને સંબોધી હતી. ભાજપના વરિષ્ઠ નેતા અને લખનઉના ઉમેદવાર રાજનાથ સિંહે પણ રેલીને સંબોધી હતી. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખીમપુર ખીરી અને સીતાપુરમાં રેલી સંબોધી હતી.

દરમિયાન, કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ રાયબરેલીમાં જાહેર સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, જો કેન્દ્રમાં અમારી સરકાર બનશે તો ખેડૂતોનાં દેવા માફ કરવા માટે કાયમી પંચ બનાવવામાં આવશે.

બસપાનાં સુપ્રીમો માયાવતીએ કન્નૌજમાં રેલી સંબોધી હતી અને ભાજપની ટીકા કરી હતી. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે બહેરીચમાં સભા સંબોધતા જણાવ્યુ હતું કે ભાજપ ખેડૂતો અને યુવાનોનાં હિત વિરુધ્ધ કામ કરી રહ્યું છે.

દરમિયાન, કોંગ્રેસે આજે ફરી એક વાર ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ટીકા કરી હતી. તેણે ભાજપ પર ટોચનાં બે ઉદ્યોગપતિઓ સાથે સોદો કરવાનો આક્ષેપ કર્યો હતો. નવી દિલ્હીમાં પક્ષના પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે જણાવ્યું કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સતત બે ઉદ્યોગ જૂથો પર સવાલ ઉઠાવતા રહ્યા છે. તેમણે ભાજપ પર લોકસભા ચૂંટણીમાં હાર જોઇને હતાશ થયું હોવાનો આક્ષેપ લગાવ્યો હતો

ઉલ્લેખનીય છે કે ગઇ કાલે હૈદરાબાદમાં એક ચૂંટણી સભામાં શ્રી મોદીએ કોંગ્રેસ પર આરોપ મૂક્યો હતો કે શું તેણે બે ઉદ્યોગપતિઓ સાથે કોઇ સોદો કર્યો છે, જેને કારણે તેનાં રાહુલ ગાંધીએ તેમની ટીકા કરવાનું બંધ કરી દીધું છે.

દરમિયાન, આજે છઠ્ઠા તબક્કાનાં મતદાન માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ હતો. 25મેએ 58 બેઠકો માટે છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશો માટે મતદાન યોજાશે. તમામ તબક્કાઓની ચૂંટણીમાં પડેલા મતોની ગણતરી 4 જૂનનાં રોજ થશે.

## REV.SIVAKASI FIRE

તમિલનાડુના શિવાકાશીમાં ફટાકડા બનાવતી ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં પાંચ મહિલા સહિત નવ શ્રમિકોનાં મૃત્યુ થયાં હતાં અને સાત મહિલા સહિત 12 શ્રમિકોને ગંભીર ઇજા થઈ છે. મૃતકોની સંખ્યા વધી શકે છે. પોલિસે ચેંગલાપટ્ટીની ફટાકડા ફેક્ટરીના માલિક સામે કેસ દાખલ કર્યો છે.

ભારતમાં ફટાકડા ઉત્પાદનનાં મુખ્ય કેન્દ્ર તરીકે જાણીતા શિવાકાશી નજીક ચેંગલાપટ્ટી ખાતેનાં ખાનગી એકમમાં આગ લાગી હતી. આગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. બચાવ કાર્ય હાથ ધરવા પોલિસ અને અગ્નિશમન સેવાના કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આ દુઃખદ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. સોશિયલ મિડીયા પોસ્ટમાં એક સંદેશામાં શ્રીમતી મુર્મૂએ જણાવ્યું હતું કે, ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટમાં થયેલી જાનહાનિથી તેઓ વ્યથિત છે. તેમણે મૃતકોના પરિવારજનોને પોતાની સંવેદના પાઠવી હતી અને ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તે માટે પ્રાર્થના કરી હતી.

## Char Dham Yatra

ઉત્તરાખંડમાં વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રીના કપાટ આવતી કાલે શ્રધ્ધાળુઓ માટે ખોલવામાં આવશે. આ સાથે જ ચારધામ યાત્રાનો શુભારંભ થઈ જશે. આ શુભ પ્રસંગે ત્રણેય યાત્રાધામોને ફુલોથી સજાવવામાં આવ્યા છે. ચાર ધામ યાત્રા માટે અત્યાર સુધી 22 લાખથી વધુ શ્રધ્ધાળુઓ નોંધણી કરાવી ચૂક્યા છે. યમનોત્રી માટે ત્રણ લાખ 44 હજારથી વધુ અને ગંગોત્રી માટે લગભગ ત્રણ લાખ 92 હજાર શ્રધ્ધાળુઓએ નોંધણી કરાવી છે. કેદારનાથ ધામ માટે સાત લાખ આઠ હજારથી વધુ અને બદ્રીનાથ ધામ માટે લગભગ છ લાખ 60 હજારથી વધુ શ્રધ્ધાળુઓએ નોંધણી કરાવી છે. 12મેનાં રોજ ભગવાન બદ્રી વિશાલનાં કપાટ ખૂલશે

દરમિયાન, કેબિનેટ મંત્રી ડોક્ટર પ્રેમચંદ અગ્રવાલે ચારેય ધામ માટે 135 બસો રવાના કરી હતી. આ બસોમાં ચાર હજાર શ્રધ્ધાળુ પવિત્ર તીર્થસ્થળોન યાત્રા કરશે. 12મેનાં રોજ ભગવાન બદ્રી વિશાલનાં કપાટ ખૂલશે.

## ICMR Guidelines

ધ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ વર્ષ 2024 માટે આધુનિક ખાણીપીણીની આદતોને અનુરુપ આહાર માટેની સુધારેલી માર્ગદર્શિકા જારી કરી છે. હૈદરાબાદ સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રીશનના સંશોધકોએ તૈયાર કરેલી આધુનિક આહાર માર્ગદર્શિકામાં લોકોને, ખાસ કરીને શારીરિક રીતે સક્રિય રહેવાની સલાહ આપવામાં આવી છે. આ ઉપરાંત, નિયમિત કસરત કરવાની, મીઠાનું મર્યાદિત સેવન કરવાની, ચરબીયુક્ત ખોરાક, ખાંડ અને વધુ પડતું પ્રોસેસિંગ કરેલા ખાદ્યપદાર્થોનું ઓછું સેવન કરવાની અને સ્થુળતા રોકવા માટે પગલાં લેવાની સલાહ આપવામાં આવી છે.

## RML CBI Arrest

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ નવી દિલ્હીની રામ મનોહર લોહિયા હોસ્પિટલના બે ડોકટર સહિત 11 લોકોની ધરપકડ કરી છે. આરોપીઓ મેડિકલ ઉપકરણોના સપ્લાયર્સ પાસેથી નાણાં એકત્ર કરતા હતા અને ડોક્ટરો સાથે એપોઇન્ટમેન્ટ નક્કી કરવા તેમજ નકલી મેડિકલ સર્ટિફિકેટ બનાવી આપવાનાં બદલામાં દર્દીઓ પાસેથી લાંચ લેતા હતા. સીબીઆઇએ આ કેસમાં ડોક્ટર અને ડિલરનાં 15 સ્થળોએ દરોડા પાડ્યા હતા અને બે એફઆઇઆર નોંધી હતી. અમારા સંવાદદાતા જણાવે છે કે તાજેતરનાં સમયમાં ડોક્ટર-મેડિકલ સપ્લાયર્સ વચ્ચેની સાંઠગાંઠ સામે બીજું મોટું અભિયાન છે. ગયા વર્ષે સીબીઆઇએ આ જ પ્રકારનાં કેસમાં સફદરજંગ હોસ્પિટલનાં ડોક્ટરની ધરપકડ કરી હતી.

## Wrestling Qualifier Win

ભારતે તુર્કિયેના ઇસ્તંબુલમાં વિશ્વ કુશ્તી ઓલિમ્પિક ક્વોલિફાયરમાં જીત સાથે અભિયાનનો પ્રારંભ કર્યો હતો. પુરુષોનાં 67 કિલોગ્રામ ગ્રીકો રોમન વર્ગમાં ભારતના આશુએ ક્વોલિફાયરમાં નોર્વેના હાવર્ડ જ્યોર્જેસનને 5-4થી હરાવીને 16મા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. આ ઉપરાંત, પાંચ અન્ય ભારતીય પહેલવાન પણ આજે સાંજે સ્પર્ધા

માટે તૈયાર છે. 60 કિલોગ્રામ વર્ગમાં સુમિત, 77 કિલોગ્રામમાં વિકાસ, 87 કિલોગ્રામમાં સુનિલ, 97 કિલોગ્રામમા નિતેશ અને 130 કિલોગ્રામ વર્ગમાં નવીન પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરવા સ્પર્ધા કરશે. જોકે, ક્વોલિફાયરમાં સૌનું ફોકસ દીપક પુનિયા અને અમન સેહરાવત પર છે.

આઇપીએલમાં આજે રોયલ ચેલેન્જર્સ ઓફ બેંગલોર સામે ટોસ જીતીને કિંગ્સ ઇલેવન પંજાબે ફિલ્ડિંગ પસંદ કરી છે.

## S JAISHANKAR MET MALDIVIAN FOREIGN MINISTER

વિદેશ મંત્રી ડો. એસ જયશંકરે આજે માલ્દિવ્સના વિદેશ મંત્રી મુસા ઝમીર સાથે નવી દિલ્હીમાં મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન ડો. એસ જયશંકરે જણાવ્યું હતું કે, નજીકના અને ગાઢ પડોશી હોવાનાં નાતે બંને દેશો વચ્ચેનાં સંબંધો પરસ્પર હિત અને સંવેદનશીલતા પર આધારિત છે. તેમણે જણાવ્યું કે, ભારતે 'પડોશી પ્રથમ' નીતિ અને સાગર મિશનમાં આ મૂલ્યો સમાહિત કર્યા છે. વિદેશ મંત્રીએ જણાવ્યું કે, ભારત માલ્દિવનાં વિકાસમાં મુખ્ય ભૂમિકા નિભાવતું આવ્યું છે. માળખાકીય પ્રકલ્પો, સામાજિક પહેલો અને મેડિકલ સહાય પૂરી પાડીને ભારતે માલ્દિવ્સનાં લોકોનાં જીવનની ગુણવત્તા સુધારવામાં સીધું પ્રદાન કર્યું છે.